# હોર્નનો બેફામ ઉપયોગ કરતા વાહનચાલકો...

**જાહેર માર્ગ ઉપર વાહન ચલાવતા હોઈએ ત્યારે હોર્ન વગાડવાની આવશ્યકતા રહે છે. કેટલાક વાહનોના પાછળના ભાગે 'હોર્ન ઓકે પ્લીઝ' પણ લખેલું હોય છે. જોકે હોર્નનો અતિરેક થાય ત્યારે તે જોખમી પુરવાર થાય છે. 'કોમન સેન્સ'ની જેમ હવે 'હોર્ન સેન્સ' વિકસાવવાનો સમય પાકી ગયો છે...**



**અમિત ચૌહાણ.** aarpar@gmail.com

જાહેર માર્ગ ઉપર વાહન ચલાવતા હોઈએ ત્યારે હોર્ન વગાડવાની આવશ્યકતા રહે છે.કેટલાક વાહનોના પાછળના ભાગે 'હોર્ન ઓકે પ્લીઝ' પણ લખેલું હોય છે. જોકે હોર્નનો અતિરેક થાય ત્યારે તે જોખમી પુરવાર થાય છે. 'કોમન સેન્સ'ની જેમ હવે 'હોર્ન સેન્સ' વિકસાવવાનો સમય પાકી ગયો છે.

ખેર, આપણે જો રોડ પર મોટરસાઈકલ ચલાવતા હોઈએ અને ભરપૂર ટ્રાફિક મધ્યે આપણી પાછળ આવતો રિક્ષાચાલક કે અન્ય વાહનચાલક જો વારંવાર બિનજરૂરી હોર્ન વગાડ્યા કરે તો આપણને ચોક્કસ તેના પર ચીડ ચડશે! જો તમે આવા બિનજરૂરી હોર્ન વગાડવાની કેટલાક વાહનચાલકોની ટેવથી કંટાળી ગયા હો તો હવે તમારું આગામી કદમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલ ચળવળમાં જોડાઈ જવાનું હોવું જોઈએ.

આ ચળવળ શેના માટે છે અને કોણે ચાલુ કરી હતી એનો જવાબ એ છે કે આ ચળવળ ચાલુ કરનાર બીજું કોઈ નહીં પણ આર.ડી. નેશનલ કોલેજ, મુંબઈના છ વિદ્યાર્થીઓ છે.મહિમા મલહોત્રા, માનસ કિર,રસિકા રામચંદ્રન,લિપિકા વાલિયા,ભાવિક રાણકા અને નેહા સુકુમાર- આ છ જણે 'સ્માઈલ ઓકે પ્લીઝ'મુવમેન્ટ ચાલુ કરી છે કે જેનાથી મુંબઈના રસ્તા પર હોન્કિંગની સમસ્યાએ માથું ઉંચક્યુ છે તેની પર અંકુશ લાવી શકાય. આ મુવમેન્ટની શરૂઆત મલ્ટિપલ ગ્રાઉન્ડ લેવલ એક્ટિવિટીઝ સાથે કરવામાં આવી હતી.હાલ આ મુવમેન્ટનું સોશિયલ મિડિયા પર ફેસબુક પેજ પણ છે.આ વિદ્યાર્થીઓના ગ્રૂપમાંની લિપિકા વાલિયા પાસેથી મળતી માહિતી અનુસાર તેઓએ આ ચળવળની શરૂઆત એક મિડિયા પ્લાનિંગ પ્રોજેક્ટ તરીકે કરી હતી.જોકે તેની અસરકારકતા વધે એ હેતુથી તેઓએ તેને લોકો સુધી લઈ જવાનું નક્કી કર્યું હતું.

સરેરાશ ડ્રાઈવર જ્યારે હતાશ હોય ત્યારે અવિરતપણે હોર્ન વગાડ્યા કરે છે.મુંબઈની કોલેજના વિદ્યાર્થીઓ આવા હતાશ ડ્રાઈવરોને પ્રોત્સાહન પૂરું પાડીને હસતો ચહેરો રાખવાનું જણાવે છે.હતાશા કે જેને અંગ્રેજીમાં ફ્રસ્ટ્રેશન કહે છે , તેનાથી મુક્તિ મેળવવા ડ્રાઈવર્સને અન્ય વિકલ્પો પર દૃષ્ટિ કરવા જણાવવામાં આવે છે.હોન્કિંગના વિરોધમાં શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ એક માનવસાંકળ બનાવી હતી.તેઓ બોર્ડ પકડીને મૌનપૂર્વક હોન્કિંગ સામે વિરોધ દર્શાવી રહ્યા હતા.આગામી સમયમાં મુંબઈનું વિદ્યાર્થી ગ્રૂપ એક એવો વિડિયો બનાવશે કે જેમાં સતત હોર્ન વગાડવા પર જે જોખમો રહેલાં છે તે દર્શાવવામાં આવ્યા હોય.આ વિડિયોમાં વિદ્યાર્થીઓ તેમની પહેલાંની પ્રવૃત્તિઓ પણ ઉમેરશે.

ભારતના મેટ્રોસિટીની યાદીમાં જેનો સમાવેશ થાય છે તેવું શહેર એટલે બેંગલુરુ.વધતી જતી વસતી અને વધતી જતી વાહનોની સંખ્યાને લઈને આજે દેશ આખાના મોટા શહેરોમાં ટ્રાફિકની સમસ્યાએ ગંભીર રૂપ ધારણ કર્યું છે.હોન્કિંગ એટલે કે સતત હોર્ન વગાડ્યા કરવાની લોકોની માનસિકતાને લઈને અવાજ પ્રદૂષણ વધ્યું છે.ઘોંઘાટની સીધી અસર આપણા કાન પર પડે છે.સતત ઘોંઘાટભર્યા વાતાવરણને લઈને વ્યક્તિ કાયમ માટે બહેરી બની જાય છે.બેંગલુરુના એક પૂર્વ કેબ ડ્રાઈવરનો કિસ્સો એવો છે કે એમાં આપણે જોઈ શકીએ છીએ કે સતતપણે ઘોંઘાટ કે મોટા અવાજના સંપર્કમાં રહેવાથી કાનને કેટલી ગંભીર અસર થાય છે!કેબ ડ્રાઈવર રાઘવને એમની ડ્રાઈવરની નોકરી કે જોબ પસંદ હતી.એમણે વર્ષો સુધી બેંગલુરુના રસ્તાઓ પર ડ્રાઈવિંગ કર્યું.એ દરમિયાન એમનામાં જે નોંધપાત્ર પરિવર્તન આવ્યું એની એમને ખબર જ નહોતી.એ જ્યારે ડ્રાઈવિંગ કરતા હતા ત્યારે માત્ર વાહનોની સંખ્યામાં જ વધારો થતો નહોતો બલકે એની સમાંતરે અવાજ પ્રદૂષણ પણ વધતું હતું.એક દિવસની વાત એમને નોકરી પરથી છૂટા કરવામાં આવ્યા. એ માટે કારણ એવું આપવામાં આવ્યું કે તેઓ સાંભળી શકતા નથી.તેમના પુત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે તેના પિતા રાઘવ ઓફિશિયલ રિટાયરમેન્ટ એજ થાય ત્યાં સુધી કામ કરવા ઈચ્છતા હતા.પરંતુ એમ થઈ શક્યું નહીં.અને પંચાવન વર્ષની વયે 'તમે સાંભળી શકતા નથી ' એવું કારણ દર્શાવી છૂટા કરવામાં આવ્યા. હાલમાં તેઓ કાનના મશીન (એક્સ્ટર્નલ એઈડ)નો ઉપયોગ કર્યા વિના સાંભળી શકતા નથી.ડોક્ટરના

કહેવા પ્રમાણે તેઓ ક્યારેય સંપૂર્ણપણે કાનની તકલીફમાંથી સાજા થશે નહીં.ડોક્ટરે એમ પણ જણાવેલ કે ડ્રાઇવર રાઘવની જિંદગીનો મોટાભાગનો સમય ઘોંઘાટભર્યા ટ્રાફિક વચ્ચે પસાર થયો હોઇ તેનાથી તેમની શ્રવણશકિત ધીમે ધીમે મંદ પડી ગઇ હતી.

પિતાની આવી કફોડી હાલત થઇ એ જોતાં એમના દીકરાએ પણ નક્કી કર્યું છે કે તે ક્યારેય શૉફર ( મોટર હાંકનાર ડ્રાઇવર)નહી બને.આમ જુઓ તો તેને ઓટોમોબાઇલમાં ઘણો રસ છે છતાં તેણે ડ્રાઇવર ન બનવાનું નક્કી કરી લીધું છે.બીજો કિસ્સો ૨૪ વર્ષીય આયુષીનો છે.આયુષી જ્યારે નાની હતી ત્યારે એને ચાઇનીઝ વિસ્પર રમત ખૂબ ગમતી હતી.આ ગેમ એવી છે કે એમાં ભાગ લેનાર કોઇપણ બાળકે શાર્પ લિસનર હોવું જરૂરી છે.અને આયુષી પણ એવી શાર્પ લિસનર હતી.શાર્પ લિસનર એટલે ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળનાર વ્યકિત.ખેર, જ્યારે આયુષીને કોલેજ એટેન્ડ કરવાની થઇ ત્યારે તે કંગરીથી કોરમંગલા અપડાઉન કરતી હતી.આ અપડાઉન ત્રણ વર્ષ ચાલ્યું હતું.ત્યારબાદ તેને નોકરી મળી ત્યારે તેને મરાઠાહલ્લીથી વ્હાઇટ ફીલ્ડ વચ્ચે બે વર્ષ સુધી ટ્રાવેલ કરવાનું થયું. હાલમાં આયુષીની હાલત એવી છે કે તે ભાગ્યે જ જમણા કાનથી સાંભળી શકે છે.થોડા સમય પૂર્વે એના મમ્મીએ એક બાબત નોંધી હતી કે આયુષી ,કે જેને ઊંચા અવાજ સાથેનું સંગીત ગમતું નહોતું તે ઊંચા અવાજે ટીવી જોઇ રહી હતી.ત્યારબાદ જ્યારે આયુષીની ઇએનટી સ્પેશ્યાલિસ્ટ સાથે મુલાકાત કરાવી ત્યારે ડોક્ટરે જણાવ્યું હતું કે લાંબા સમય સુધી ઊંચા અવાજના સંપર્કમાં રહેવાને કારણે તેના જમણા કાનમાં લોહીનું પરિભ્રમણ વધી જવા પામ્યું હતું.આયુષીનાં મમ્મી માને છે કે તેમની દીકરી આયુષી સ્વેચ્છાએ ક્યારેય હાઇ ડેસિબલવાળા સાઉન્ડના સંપર્કમાં આવતી નથી. અલબત્ત એ તો તેનો વિરોધ કરે છે.તેઓ આયુષીના કાનની આવી કફોડી હાલત માટે બેંગલુરુના ઘોંઘાટભર્યા ટ્રાફિકને દોષિત ઠેરવે છે.હાલમાં આયુષી દવા પર છે.સિનિયર ઇએનટી કન્સલ્ટન્ટ ડૉ. મર્સી સબુએ જણાવ્યું હતું કે આયુષી સંપૂર્ણપણે બહેરી નહી થઇ જાય!આપણા કાન અમુક ચોક્કસ રેન્જ સુધીનો જ અવાજ સહન કરી શકે છે.સતત હોર્ન વાગ્યા કરે અને એથી જે અવાજ ઉત્પન્ન થાય ,મોટરકાર ઝડપથી પસાર થાય અને એથી જે અવાજ ઉદ્‌ભવે એ જ રીતે બંદૂકમાંથી છૂટેલી ગોળીનો અવાજ -આ બધા અવાજો આપણી સાંભળવાની જે રેન્જ છે તે બહારના છે.જો સતત આવા અવાજ વચ્ચે રહેવાનું બને તો વહેલી મોડી આપણને પણ બહેરાશ આવી શકે છે.આપણે એ પણ જાણી લેવું જોઇએ કે અવાજ પ્રદૂષણ માટેનો મુખ્ય સ્રોત જો કોઇ હોય તો તે ટ્રાફિક છે.તેના પરિણામે હાઇપર ટેન્શન, તણાવ અને હૃદય સંબંધિત જેવી સમસ્યાઓ પણ ઉદ્‌ભવે છે.

## ઓટોમોબાઇલ્સ માટે નિયત કરાયેલા અવાજના માપદંડો...

| વાહનનો પ્રકાર | અવાજ મર્યાદા |
|---|---|
| એ.મોટરસાઇકલ્સ, સ્કૂટર્સ અને થ્રી વ્હીલર્સ | 75 |
| બી.પેસેન્જર કાર્સ | 80 |
| સી.પેસેન્જર અથવા કોમર્શિયલ વેહિકલ્સ | 4 |
| મેટ્રિક ટન સુધી | 80 |
| ડી.પેસેન્જર અથવા કોમર્શિયલ વેહિકલ્સ | 4 |
| મેટ્રિક ટનથી ઉપર અને ૧૨ મેટ્રિક ટન સુધી | 83 |
| ઇ.પેસેન્જર અથવા કોમર્શિયલ વેહિકલ | 12 |
| મેટ્રિક ટનથી વધારે | 85 |





**આપણે ત્યાં ટ્રાફિકના નિયમો છે. ઘણાબધા નિયમો છે. ડ્રાઇવિંગ દરમિયાન હેલ્મેટ પહેરવી અને વાહન હંમેશાં રસ્તાની ડાબી બાજુએ ચલાવવું વગેરે પાયાના નિયમો પણ બહુ ઓછા લોકો પાળે છે. આ મામલે શિસ્તનો સદંતર અભાવ જોવા મળે છે. કોઇપણ વ્યક્તિ ગમે ત્યારે બિનજરૂરી હોર્ન વગાડે છે.**

આપણે ત્યાં ટ્રાફિકના નિયમો છે .ઘણાબધા નિયમો છે. ડ્રાઇવિંગ દરમિયાન હેલ્મેટ પહેરવી અને વાહન હંમેશાં રસ્તાની ડાબી બાજુએ ચલાવવું વગેરે પાયાના નિયમો પણ બહુ ઓછા લોકો પાળે છે. હોર્ન વગાડવા મામલે જે શિસ્ત હોવી જોઇએ એનો સદંતર અભાવ આપણા શહેરી વાહનચાલકોમાં જોવા મળે છે. શું રિક્ષાવાળો કે શું ખાનગી મોટરકાર હાંકનારો, દરેક વાહનચાલક ટ્રાફિક હોય ત્યારે અને ન હોય ત્યારે પણ હોર્નનો બિનજરૂરી ઉપયોગ કરે છે.હોન્કિંગ એટલે જરૂર ન હોય તેમ છતાં હોર્ન વગાડ્યા કરવું અને અવાજ પ્રદૂષણ વધારવું. ઘણી વખત તો વાહનચાલકો એમના વાહનમાં ઓથોરિટીએ નિયત કરેલા હોર્નને બદલે વધારે અવાજ ઉત્પન્ન કરે એવા હોર્ન ફિટ કરાવે છે અને અન્ય લોકોને બિનજરૂરી હોર્ન વગાડીને પરેશાન કરે છે.પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં તમે જાવ તો ત્યાં તમને વાહનચાલકો સુવ્યવસ્થિત રીતે વાહન ચલાવતા જોવા મળશે. બિનજરૂરી હોર્ન વગાડવામાં તેઓ માનતા નથી અને આ રીતે વાહનચાલકો અવાજનું પ્રદૂષણ અટકાવે છે.

વાહનોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો નોંધાઇ રહ્યો છે.જેટલાં વધારે વાહનો એટલું વધારે પ્રદૂષણ ફેલાશે.વાહનોની સંખ્યા ઘટાડવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધારવા પર આપણે સૌએ ધ્યાન આપવું પડશે.ઉપરાંત વધારે વૃક્ષો વાવવાથી પણ પ્રદૂષણમાં ઘટાડો કરી શકાય છે. એન્વિરોન્મેન્ટ (પ્રોટેક્શન) રુલ્સ ૧૯૮૬ મુજબ વર્ષ ૨૦૦૩માં ઓટોમોબાઇલ્સ માટે અવાજના માપદંડો કે સ્ટાન્ડર્ડ્સ નક્કી કરાયેલા છે .